દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૩૦ માર્ચ, ૨૦૨૬

# ‘પીસ ટોક’માં પાકિસ્તાનનું નામ આવવું ભારત માટે ઝાટકા સમાન છે

જ્યારથી પાકિસ્તાનનું નામ અમેરિકા અને ઈરાન વચ્ચેની વાતચીતના સંભવિત મધ્યસ્થી તરીકે ઊભર્યું છે, ત્યારથી વિપક્ષોએ મોદી સરકાર પર સવાલો ઉઠાવવાના શરૂ કરી દીધા છે. આ ઘટનાને વિપક્ષોએ મોદી સરકારની કૂટનીતિક હાર ગણાવી છે. કૉંગ્રેસ સહિત અનેક વિપક્ષી પાર્ટીઓનું કહેવું છે કે ભારત મોકાનો ફાયદો ઉઠાવવામાં નિષ્ફળ રહ્યું અને પાકિસ્તાને આ મામલે સરસાઈ મેળવી લીધી. જોકે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી છેલ્લા કેટલાક દિવસોથી ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે સતત સંપર્કમાં છે અને વિદેશ મંત્રી એસ. જયશંકર પણ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચીના સંપર્કમાં છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 24 માર્ચે પીએમ મોદીને ફોન પણ કર્યો પરંતુ પાકિસ્તાનનું નામ પીસ ટોકમાં આવવાની વાતને કેટલાક વિશેષજ્ઞો ભારત માટે ઝાટકા સમાન માની રહ્યા છે. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે મંગળવારે સાંજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું કે, પાકિસ્તાન મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને વાતચીત દ્વારા સમાપ્ત કરવાના ચાલી રહેલા પ્રયાસોને સંપૂર્ણ સમર્થન આપે છે, જેથી આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા સ્થાપિત થઈ શકે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ શાહબાઝ શરીફના આ નિવેદનને ટ્રુથ સોશિયલ પર શેર કર્યું હતું, જેના પરથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે કદાચ અમેરિકા પણ પાકિસ્તાનની મધ્યસ્થી હેઠળ વાતચીત માટે તૈયાર છે.બીજી તરફ, ઈરાન અને અમેરિકા વચ્ચેની સંભવિત વાટાઘાટો અંગે, એક ઈરાની રાજદ્વારીએ બીબીસી ન્યૂઝ ઉર્દૂને જણાવ્યું હતું કે આવી વાટાઘાટોની થોડીઘણી શક્યતા તો છે. ભારતની કૂટનીતિક ક્ષમતા અંગે ઉઠી રહેલા સવાલો વચ્ચે લોકસભામાં બોલતા પીએમ નરેન્દ્ર મોદીએ 24 માર્ચ, મંગળવારના રોજ કહ્યું હતું કે, આ મુદ્દા પર ભારતનું વલણ ખૂબ જ સ્પષ્ટ છે. અમે શરૂઆતથી જ આ સંઘર્ષ પર અમારી ચિંતા વ્યક્ત કરી છે. મેં પશ્ચિમ એશિયાના તમામ નેતાઓ સાથે વાત કરી અને દરેકને તણાવ ઓછો કરવા અપીલ કરી છે. અમે ટ્રાન્સપોર્ટ, ઊર્જા ક્ષેત્રો અને સામાન્ય નાગરિકો પર હુમલાઓનો વિરોધ કર્યો છે. મોદીએ મંગળવારે એ પણ માહિતી આપી હતી કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમને ફોન કર્યો હતો અને બંનેએ ખાડીદેશોમાં ચાલી રહેલા તણાવ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું હતું કે, તેમણે શાંતિ અને સ્થિરતા સ્થાપિત કરવા પર ભાર મૂક્યો હતો.

તજજ્ઞો માને છે કે ભારત માટે આ સંભવિત શાંતિ કરારથી દૂર રહેવું જ વધુ સારું છે. તેઓ કહે છે, ભારતના ઇઝરાયલ સાથે સારા સંબંધો છે જ્યારે પાકિસ્તાન અને ઇરાને ઇઝરાયલને માન્યતા પણ આપી નથી.

તજજ્ઞો માને છે કે, પાકિસ્તાન એ વિશ્વસનીય દેશ નથી.

તેઓ કહે છે, પાકિસ્તાન અમેરિકા અને મુસ્લિમ બહુમતી ધરાવતા ઈરાન વચ્ચે શાંતિ વાટાઘાટોને સરળ બનાવવા માંગે છે. એ જ સમયગાળામાં તે બીજા ઇસ્લામી દેશ અફઘાનિસ્તાન પર હુમલો કરી રહ્યું છે. ઈરાને પણ અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે વાટાઘાટોનો પ્રસ્તાવ મૂક્યો છે. આ ખૂબ જ વિચિત્ર પરિસ્થિતિ છે અને ભારતે તેમાં સામેલ થવું જોઈએ નહીં. ઇઝરાયલ આ મામલે પાકિસ્તાનની દખલગીરીથી સહજ રહેશે નહીં. પાકિસ્તાને હંમેશા ઇઝરાયલ પ્રત્યે ખૂબ જ કડક વલણ અપનાવ્યું છે. તેણે ક્યારેય ઇઝરાયલને માન્યતા પણ આપી નથી. તેમણે કહ્યું કે આમ છતાં જો ઈરાન અત્યાર સુધી જે બાબતોનો ઇન્કાર કરતું આવ્યું છે તેને સ્વીકારી લે તો તેનું સ્વાગત થવું જોઈએ. પરંતુ આવું થતું દેખાઈ રહ્યું નથી.

ભારતના ભૂતપૂર્વ વિદેશ સચિવ કંવલ સિબ્બલના મતે ભૌગોલિક રીતે, પાકિસ્તાનને આ બાબતમાં ફાયદો છે.

પરંતુ તેમણે કહ્યું કે પાકિસ્તાનનો સાઉદી અરેબિયા સાથે સુરક્ષા કરાર છે અને સાઉદી અરેબિયા ઇચ્છે છે કે અમેરિકા ઈરાન પર હુમલાઓ વધારે, જેથી ગલ્ફ ક્ષેત્રમાં ઈરાનની શક્તિ નબળી પડે અને તે હવે સાઉદી અરેબિયા માટે ખતરો ન બને.

સિબ્બલ કહે છે કે પાકિસ્તાનને ડર છે કે સાઉદી અરેબિયા તેની સાથે કરેલા સુરક્ષા કરારને ક્યાંક લાગુ ન કરી દે. જો આમ થાય તો પાકિસ્તાન પણ અજાણતાં ઈરાન યુદ્ધમાં ખેંચાઈ શકે છે.

# માણેકચોકની મહામૂલી વાર્તાઓ....




સંપાદનઃ નરેશ શુક્લ


પહેલા જ વાર્તાસંગ્રહ ‘વૃદ્ધ રંગાટી બજાર’ (2019)થી જ અભ્યાસીઓ અને વાર્તાપ્રેમીઓનું ધ્યાન ખેંચનારા વિજય સોનીનો બીજો વાર્તા સંગ્રહ માણેકચોકની ચકલી લઈને આવ્યા છે. આ સંગ્રહમાં કુલ 11 વાર્તાઓ સમાવવામાં આવી છે. એ ઉપરાન્ત શ્રી સુમન શાહનો પ્રતિભાવ અને કેફિયત સમાવી છે. કેફિયત ખાસ વાંચવા જેવી છે. એમાં સ્વાભાવિક જ પોતે કઈ રીતે અને કેવા સંજોગોમાં લેખન તરફ વળે છે એની વાત તો મળે જ છે સાથોસાથ એમની વાર્તાસમજ અને આગ્રહો પણ જાણવા મળે છે. જૂઓ એની ઝલક- ‘દરેક નગરને એનાં નર્ક હોય છે. દોસ્તોયવસ્કીએ એની ક્લાસિક નવલ ‘ધ ક્રાઇમ એન્ડ પનિશમેન્ટ’માં સેન્ટ પીટર્સબર્ગની ધૂંધ ભરેલી, વાસી, નૈરાશ્યથી છલોછલ આબોહવાનું વર્ણન કર્યું છે. કંઈક એવું જ મને 2001ની કુદરતી આપત્તિ ભૂકંપ અને તેના પછીના જ વર્ષે માનવસર્જિત કોમી રમખાણો વખતે અનુભવાયું હતું, એ બંને વર્ષો ગુજરાત માટે સામાજિક-આર્થિક રીતે ઇનફ્લેક્સન પોઈન્ટ હતા. અમે જુના અમદાવાદમાં રહેતા હતા. ચાર-પાંચ મહિના કામ-ધંધા બંધ થઈ ગયા હતા એ યાતનામય અવકાશમાં મેં લખેલી અનિયમિત ડાયરીમાં એ કાલખંડનો ઘાતક યથાર્થ ઝીલાયો છે. ગોધરાકાંડ પછી અનુ-ગોધરા રમખાણો સમગ્ર ગુજરાતમાં આગની જેમ ફેલાઈ ગયા હતા. દિવસભર પોલીસ પેટ્રોલીંગ..મીલીટરી વાન અને ટીયરગેસની દુર્ગંધથી આખોય માહોલ નર્ક જેવો ભાસતો હતો. એ 2002નું વર્ષ હતું. દુકાનો ખૂલી...ત્યાર બાદ એક દિવસ હું દુકાને બેઠો હતો અને મારી સામેની દુકાન કામ કરતો મારો એક મુસ્લિમ દોસ્ત મળવા આવ્યો હતો. વાતો ચાલતી હતી. હુલ્લડની..ઘરમાં ખૂટી ગયેલા આટા-ચાવલની..કત્લેઆમની...અમે બધા સ્તબ્ધ થઈને અમારા વર્તમાનમાં થીજી ગયા હતા. એણે એક વાત કહી કે અમારા મહોલ્લામાં એક ઔરત બોગસગીરી કરતી હતી. અમારી બધી વાતો તમારા વાળાને જઈને કહી આવતી હતી અને પૈસા પડાવતી હતી. એ પકડાઈ ગઈ તો પહેલાં તો બધાએ એને બહુ મારી અને પછી એના બે પગ વચ્ચે મરચું ભરી દીધું. હું અવાક્ થઈ ગયો હતો. માથું ફાડીને લોહી કાઢે એવું ક્રૂર વાસ્તવ હતું. એનાં શબ્દો મારા કાનમાં પડઘાતા હતા. એ ઔરતની વેદનાની ‘સાંકડીગલીમાં ઘર’ મારી પ્રથમ વાર્તા લખી. હું ચોક્કસપણે માનું છું કે વાર્તાક્ષણ સૌ પ્રથમ જમીન ફાડીને ઊગી નીકળે છે. રૂપ..આકાર...ભાષા... લાઘવ..પરિવેશ એ બધું એની પાછળ દોડતું આવે છે. કોઈ પણ અનુભૂતિ કેટલીય સંક્ષુબ્ધ કરતી હોય તો ય એના તરફની સંપૂર્ણ અને શુદ્ધ સભાનતા સર્જનને પ્રતીતિકર બનાવે છે.’ (પૃ. 124)

તો જાણીતા વાર્તાકાર શ્રી કિરીટ દૂધાતે એમની વાર્તાઓ વિશે આમ કહ્યું છે- ‘જેમ કોઈ પથ્થરની ખરલમાં કોમળ પાંખડીઓને ક્રૂરતાથી ઘૂંટીને અત્તર બનાવે એ રીતે વિજય સોની ખરબચડી વાસ્તવિકતાના પથ્થર પર એનાં પાત્રો અને પરિસ્થિતિઓને લસોટીને વાર્તા સિદ્ધ કરે છે. OTTએ based on true incidentનો કાચો પકવાન ચખાડીને આપણી સ્વાદેન્દ્રિયોને બુઠ્ઠી બનાવી દીધી છે એ સમયમાં એવી જ વાસ્તવિકતાને કલાનો પુટ આપીને વિજય વાર્તાસ્વરૂપની સંકુલતાને આસ્વાદ્ય બનાવે છે. જરઠ જિંદગી જીવતાં એનાં પાત્રોને આપણે જોઈને નજરઅંદાજ કર્યા છે. વિજય સોનીની અંદરનો કલાકાર એ બધાને vulnerabilityને નાણી-પ્રમાણી શકે છે.’ (ફ્લેપ-4) આ બંને સર્જકોની વાતમાંથી આપણને આ વાર્તાઓ પામવાનું રહસ્ય હાથવગું થાય છે. સર્જક પોતે કહે છે તેમ જીવનની કરાળ વાસ્તવિકતા પોતે જ એમનામાં વાર્તાક્ષણ પ્રગટાવીને સર્જન માટે પ્રેરે છે. આ ધક્કો પોતે જ પોતાનું પોત નક્કી કરીને આવે છે. એને ગાઢ નિર્મમતાથી આ વાર્તાકાર તાટસ્થ્ય સાથે આલેખવા મથે છે અને એટલે જે છે, જેવું છે એ પોતે જ વાર્તારૂપ ધરીને ભાવકને વાર્તાનો ભેટો કરાવે છે. બીજી બાજુ ઓટીટી જેવા માધ્યમોએ જે રીતે જીવાતા જીવનને સીધું જ ઢાળવાનું શરૂ કર્યું છે એવું જ હિંસા, ગાળો, કડવી ઘટનાઓ, એકદમ પડખે બેસીની સ્વસતું વાસ્તવ આલેખવાનું આરંભ્યું છે એવું જ કંઈક વિજય સોનીએ કર્યું છે -એમાં ઉમેરો હોય તો એ છે કલાનો પુટ આપવાનું કામ. આમ પણ વાર્તાકારે એ જ તો કરવાનાં હોય છે, અને એમ થાય તો જ એ ઘટનાનું કળાકૃતિમાં રૂપાન્તરણ થાય.

**ભાગ્યે જ આવું વર્ણન ગુજરાતી વાર્તામાં આવ્યું છે. સેલવાસ જેવા ગુજરાતીઓના દારુ પીવાના સ્થળો હોય કે, દરેક શહેર- ગલીઓમાં સહજ મળતો દેશી દારુ હોય- એને કોઈ બદી કે નકારાત્મક રીતે પ્રયોજવાને બદલે જીવન આનંદ કે દુઃખને પ્રગટાવવાનું, ચીંધવાનું કામ વાર્તાકારે કર્યું છે**

વિજય સોનીની વાર્તાઓની સૌથી મોટી લાક્ષણિકતાઓ તરફ પણ એમણે આંગળી ચીંધી આપી છે. જેમ કે, એમાં એવો વર્ગ અને એની વાસ્તવિક ઘટનાઓ છે જેની તરફ આપણું ધ્યાન ભાગ્યે જ ગયું છે. જૂના અમદાવાદની પોળોમાં આવેલ સોનીબઝાર, એમાં કામ કરતાં બંગાળ-કલકત્તાથી આવેલાં બંગાળી કારીગરો, અહીંના કારીગરો અને વેપારીઓની આસપાસ ગૂંથાયેલી આ વાર્તાઓ છે. ઓટીટી પર જેનો ભરપૂર ઉપયોગ થાય છે એવી ગાળાગાળી અને વિષયો પણ આ વાર્તાઓમાં છે. એકદમ સંકડાશભર્યા માહોલમાં ઊંધું ઘાલીને કામ કરતાં આ કારીગરોનાં આતંરસંબંધો, એમનાં સંઘર્ષો, એમની મૂંઝવણો, ખાસ તો જાતિય સમસ્યાઓ અને નાની નાની મહેફિલોમાં પ્રગટતો ઝનૂનપૂર્વકનો આનંદ અને કરુણ આ વાર્તાના મોટા મોટા કહી શકાય એવા વિષયો છે. આ બધી વાર્તાઓ એક બીજીથી સ્વતંત્ર હોવા છતાં મોટાભાગની વાર્તાઓ વચ્ચે કશુંક ને કશુંક સન્ધાન અનુભવાયા કરે છે. બેએક વાર્તાઓ અપવાદ જરૂર છે. બાકીના પાત્રોના નામો અને બાકીનું અલગ હોવા છતાંય એ બધાની વચ્ચે કોમન આઈડેન્ટીટી અનુભવાયા કરે છે. આ પ્રકારની વાર્તાઓ આધુનિકેતર ગાળામાં બહુ લખાઈ છે. કિરિટ દૂધાત, અજિત ઠાકોર, મોહન પરમાર, દલપત પઢિયાર, સુમન શાહે આ પ્રકારની વાર્તાઓ આપી છે જેમાં પરિવેશ, પાત્રો, સંવેદનવિશ્વ વચ્ચે એક સમાન્તર ચાલતો અનુભવ થયા વિના નથી રહેતો. જેન્તિ-હંસા સિમ્ફની, બાપાની પીંપરની વાર્તાઓ જોવાથી મારો આ મુદ્દો તરત સમજાશે.

‘ત્રીજું બટન’વાર્તાની નાયિકા બાહ્ય દેખાવે પુરુષ જેવી લાગે, સોનીને ત્યાં કારીગીરોની વચ્ચે એ એકલી કામ કરે, મા-બાપ રહ્યા નથી, ભાઈ-ભાભીની સાથે રહે- આ સ્થિતિમાં એને બહુ બોલવા દીધા વિના એની અંદર રહેલ ધૂંધવાટને અંતભાગે જે રીતે પ્રતીકાત્મ રહસ્યસ્ફોટ કર્યો છે એમાં એનું વ્યક્તિત્વ વાર્તા બનીને ઉભરી આવે છે. નાયક જ નહીં, અનેક પુરુષોની નજરો એના શર્ટના ત્રીજા બટન સુધી ફરતી રહે- ભાઈ-ભાભીના દાંપત્યનો કકળાટ, ઓફિસના એકાંતમાં મળેલી તકનો ફાયદો લેવાના પ્રયત્નોમાં થતી નાયકની હાલત, આ વાર્તાને કલાત્મ બનાવે છે. આ ધંધામાં પડેલાં કારીગરો ખાસ કરીને બંગાળી કારીગરોની જિંદગી જે સંકુલતાથી પ્રગટી છે એમાં પરિમાણ ઉમેરાયું છે નવો આવેલ છોકરો કદાચ ધંધામાં તો સેટ થઈ જાત પણ જેની આંગળી પકડીને આવ્યો છે એ કેરટેકરની પત્ની જે રીતે એનું જાતિય શોષણ કરવાની મથામણ કરે છે એ‘ખડગપુરનો છોકરો’ આ વાર્તાનું કેન્દ્ર છે. એ બાળકની હાલત વાર્તાને રસપ્રદ તો બનાવે જ છે સાથે કરુણને જે રીતે ઘૂંટે છે તે અનન્ય છે. ‘રૂસ્તમે ઈશનપુર’ અને ‘અનારકલી અને સ્કોચ’, ‘ગંજુની દ્રોપદી’ એ વાર્તાઓમાં ઘણું સામ્ય હોવા છતાં આગવા પરિમાણો સિદ્ધ કરવામાં વાર્તાકાર સફળ રહ્યા છે. આ વાર્તાઓમાં દારુ પીનારા મિત્રોનું ચિત્રણ ગઝબનું થયું છે. ભાગ્યે જ આવું વર્ણન ગુજરાતી વાર્તામાં આવ્યું છે. સેલવાસ જેવા ગુજરાતીઓના દારુ પીવાના સ્થળો હોય કે, દરેક શહેર- ગલીઓમાં સહજ મળતો દેશી દારુ હોય- એને કોઈ બદી કે નકારાત્મક રીતે પ્રયોજવાને બદલે જીવન આનંદ કે દુઃખને પ્રગટાવવાનું, ચીંધવાનું કામ વાર્તાકારે કર્યું છે. ગાળો, સેક્સ વિશેની વિચારણા, પુરુષ લાલસાઓ, જીવનમાં રહેલ આંટીઘૂંટીઓ અને એનું દબાણ, મોટાભાઈ કે પિતાનું અનેક વાર્તાઓમાં આલેખાયેલું પાત્ર અને એનો કડપ, વાર્તાઓમાં ઓછી પણ સતત હાજર રહીને ગતિ આપતી સ્ત્રીઓ, અલ્પ-વિરામની જેમ આવતી ગાળો, ચાના કડવા ઘૂંટ જેવું બ્લેક હ્યુમર- આ વાર્તાના લેયર્સમાં જે કલાત્મક રીતે પ્રગટ્યું છે એ આ વાર્તાઓને ભવ્ય બનાવે છે. ‘માણેકચોકની ચકલી’ વાર્તામાં પૈસાની ઠગીમાં ફસાયેલ ગરીબ કારીગરની કડવી વ્યથા - બંગાળી જાદુગરના સંદર્ભ સાથે ‘જા ચકલી બના દુંગા..’ ના રૂપને કલાત્મક રૂપે પ્રયોજી આપ્યું છે. ‘702, રતન ચેમ્બર’, ‘કેવું હતું નહીં...?’ના નાયક ભીખાનું પ્રગટતું વ્યક્તિત્વ જેવી વાર્તાઓ આ જ પરિવેશમાં જન્મેલી વૈવિધ્યસભર ઘટનાઓ અને વ્યક્તિત્વોને ચિત્તમાં જડાઈ જાય તે રૂપે પ્રગટાવી આપનારી વાર્તાઓ બની છે. ‘સણકો’ વાર્તા બધી જ વાર્તાઓથી તદ્દન અલગ પડી જતી વાર્તા છે. વિજય સોની પહેલીવાર પોતાની સીમાઓની બહાર નીકળીને નવો પ્રયોગ કરી રહ્યા હોય એવું લાગ્યા વિના રહેતું નથી. છૂટાછેડા જેવા દુઃખદ પ્રસંગે બાળકીની માનસિક હાલત કેવી થાય છે તેનું આલેખન આ વાર્તાને તાજગી અને નવી દિશા આપે છે. એ જ રીતે ‘તાવણી’ વાર્તા પણ એવા જ સંકુલ વિષય ઉપર કેન્દ્રિત છે. પ્રેમીને છોડવાની સિચ્યુએશન અને એ પછી મળતો વર કેવો તો છે- એની વાત આ વાર્તામાં વાર્તા બનાવનારું તત્ત્વ બને છે. એ પરંપરાગત લાગે એવી વાર્તા હોવા છતાં માવજત સારી કરી છે.





જીવન સમસ્યાઓ અને અકસ્માતોથી સભર છે એ આ વાર્તાઓમાંથી સવિશેષ ઉપસી રહે છે. એમાંય શ્રમજીવી, વતવિચ્છેદ, જાતિય અતૃપ્તિ, સાવ બેઝિક લક્ષ્યથી જીવાતું જીવન, એમાં જાત-ભાતના ફિતૂર ધરાવતાં સામાન્યજનનું આલેખન આ વાર્તાઓમાં મળે છે. લેખક કહે છે- ‘હું લખું છું કારણ કે મને જીવનના એબ્સર્ડની મુખોમુખ વારંવાર થવું ગમે છે એની સન્મુખ થવાથી ક્યારેક બધું કુરુપ લાગે છે, ગ્રોટેસ્ક લાગે છે. વળી મારી વાર્તાની કોઈ પ્રશંસા કરે એ પણ મને ગમે છે. મારા પાત્રો જાણે મારા હાથે નિર્વાણ(નિર્માણ ?) પામ્યા હોય એમ અથવા એ પરિસ્થિતિને મેં શબ્દો વડે જાણે સહ્ય બનાવી હોય એવું પણ લાગે છે.સાહિત્યમાં પ્રતિબદ્ધતા કે સાહિત્યમાં વાસ્તવદર્શન મને આઉટ ઓફ ડેટ લાગતું નથી. કારણ કે કોઈ ને કોઈ સ્વરૂપે દરેક સમયખંડમાં આવિર્ભાવ પામતું રહે છે. (પૃ.126)

લ્યો તો તમારી વાર્તાઓ વિશે વાત કરી, અમને ગમી એ તમને પણ ગમ્યું હશે. જો કે, હવે જરા તમારી અંદરની ચકલીને (ટાઈટલ પર જો કે ચકલાઓનાં જ ફોટા છે..!) પોળોની બહાર ઉડતા કરશો એવી અપેક્ષા અસ્થાને નહીં હોય.

**(માણેકચોકની ચકલી (ટૂંકીવાર્તા સંગ્રહ) વિજય સોની, પ્ર.આ.2025, પ્રકા. ડિવાઈન પબ્લિકેશન્સ, 30, બીજો માળ, કૃષ્ણ કૉમ્પ્લેક્સ, જૂનું મૉડેલ સિનેમા, ગાંધી રોડ, અમદાવાદ-38001, કુલ પાનાં- 128, કિં. 160.00 રૂ. કાચું પૂંઠું,ડેમિ)**

# સ્વસ્થ રહો, નિરોગી રહોઃ શુદ્ધ આહાર થકી...

આજનું જીવન સહજ અને સરળ નથી રહ્યું. તમે ઇચ્છો કે ન ઇચ્છો, કોઈ ને કોઈ અજ્ઞાત, કાલ્પનિક એવા મનોસંઘર્ષમાં બાળપણથી જ ગૂંથાઈ જવાનું આવે એવી વ્યવસ્થાઓ આપણે સર્જી નાંખી છે. જીવનને સરળ કરવાની લ્હાયમાં એવા એવા ભૌતિક સંસાધનો શોધી કાઢ્યા છે કે હવે એ પોતે જ માનવજાત માટે બોજરૂપ બનવા લાગ્યા છે. ઇશ્વરે સર્જેલી જીવસૃષ્ટિનો જ ભાગ હોવા છતાં જાણે બાકીનાં બધાં જ જીવો સાથે આપણે ઉપયોગીતા સીવાયનો કોઈ જ સંબંધ ન હોય એ રીતે જીવવાની શૈલી વિકસાવી નાંખી છે. જીવ માત્ર જીવવા માટે ખોરાક લે છે, એ ખોરાકને શરીરી ઉર્જામાં ફેરવે છે અને મજેથી હેલ્ધી જીવન જીવે છે. માણસજાત અદ્ભુત રીતે જીવવાના નૂસખા શોધીને ખોરાક જેવી સહજ બાબતને પણ એટલી બધી જટિલ બનાવી ચૂક્યો છે કે વારંવાર એને યાદ કરાવવું પડે છે કે શું ખાવું ને શું નહીં !? શું શરીરમાં નાંખવા જેવું છે અને શું શરીર માટે હાનિકારક છે? આનાથી મોટી કરુણ બાબત કઈ હોઈ શકે? આજે જીવવા માટે કેટકેટલાં સાધનો છે, સપોર્ટિંગ સિસ્ટમ છે અને રોજિંદા જીવનમાં એના પર એટલા બધા આશ્રિત બની ચૂક્યા છીએ કે જાણે આપણા જન્મનો ઉદ્દેશ જ આ બધા સાધનોને ખરીદવા, એના ચૂકવણા ભરપાઈ કરવા માટે આડેધડ અને જે માર્ગે આવે તે માર્ગે ધન કમાઈ કમાઈને દિવસો પૂરા કરવામાં લાગ્યા છીએ- જીવનભર દોડધામ, સંબંધોની આંટીઘૂંટી, અતિ ઇચ્છાઓનું પોષણ અને ઉદ્યોગો અને કંપનીઓને કમાવવા માટેની ફસલ જ બની ગયા હોઈએ એ રીતે જીવીએ છીએ. આ બધામાં જીવનઅર્થ, જીવનઅર્ક અને ઉદ્દેશ ખોવાઈ ગયો છે. જેમ ખેડૂત પોતાની આજીવિકા માટે ખેતરમાં વાવણી કરે એ રીતે વૈશ્વિક ઉદ્યોગો અને રાજ્ય આપણી વાવણી કરીને ઉછેરી રહ્યું છે- આપણે એના પોષણ અને વ્યાપ માટે પાકથી વિશેષ કશું નથી! વિચારજો.




બીજી બાજું વૈયક્તિક જીવનની સીમાઓ નાનીને નાની બની રહી છે, આપણે જીવવા માટે ખાઈએ છીએ પણ સંતોષ થતો નથી એટલે નાવિન્યની શોધમાં વેરાયટીસભર ખાવાનું શોધીએ છીએ, એમાં બીજાના અભાવો, અસંતોષ અને કમાવવાની લ્હાય ઉમેરાય એટલે એ ખોરાક પ્રોવાઈડરની હલકી ઇચ્છાઓ, વાસનાઓનો ભોગ હલકીગુણવત્તા, શરીર માટે હાનિકારક એવા ખોરાકનો સહજ શિકાર બની જઈએ છીએ. સદ નસીબે એ તરફની જાગૃતિ રાખનારાં લોકો, ડોક્ટર્સ, ગૃહિણીઓ પણ છે જે આપણને વખતો વખત આ દિશામાં સભાન કરે છે, જાગતા કરે છે અને સાચા ટ્રેક પર લાવવા માટેના પ્રયત્નો કરે છે. ડો. બિડિતા શાહ એમાંનાં એક છે. એમણે એવી રેસિપીઓ આપી છે જે નિર્વિવાદિત રીતે હેલ્ધી હોય, પરંપરાથી અને ન્યુટ્રિશ્યન વેલ્યુથી પરિચિત હોય. આબાલવૃદ્ધ સુધીના એને વધારે કકળાટ કર્યા વિના બનાવી શકે એવી હોય- એવી રેસિપી આ પુસ્તકમાં આપી છે. એ પોતે કહે છે તે જોઈએ- ‘અહીં રજૂ કરેલી વાનગીઓ ખાસ કરીને ડાયાબિટીસ, વજન નિયંત્રણ અને મેટાબોલિક બીમારીઓ માટે લાભદાયક છે. સાથે સાથે, આ રેસિપી વદ્ધાવસ્થા તથા જીવનશૈલીજન્ય સમસ્યાઓ માટે પણ ઉપયોગી થશે. દરેક વાનગી સાથે પોષણ મૂલ્યની વિગત આપવામાં આવી છે, જેથી વાચકો વૈજ્ઞાનિક આધાર સાથે યોગ્ય આહારની પસંદગી કરી શકે.(નિવેદન) આ પુસ્તકમાં પાંચ વિભાગ છે. પહેલામાં વિવિધ પ્રકારના હેલ્ધી સૂપની રેસિપી, બીજામાં વિવિધ પ્રકારનાં સલાડની રેસિપી, ત્યાર પછીના વિભાગમાં સવારના નાસ્તાથી લઈને બપોરનું, સાંજનું ભોજન કેવું હોવું જોઈએ, કેવું વૈવિધ્યસભર છતાં હેલ્થ માટે ઉપયોગી હોય તેની રેસિપી આપવામાં આવી છે. એક આખું પ્રકરણ રાઈસની વૈવિધ્યસભર વાનગીઓ પર છે. તો અર્ધપ્રવાહી સ્વરૂપની કેટલીએ રેસિપીઓ છેલ્લાં ખંડમાં આપવામાં આવી છે. છેલ્લે, લેખિકાનો પરિચય છે જેમાં એમને આ દિશામાં કરેલ કામગીરી, એનો વ્યાપ, દેશમાં જ નહીં, વિદેશમાં ય મેળવેલી સિદ્ધિઓનો આપણને પરિચય મળે છે. આશા છે આ પુસ્તક ઉપયોગી નીવડશે.

**(ફૂડ ટુ ફિટ (હેલ્ધી અને ટેસ્ટી રેસીપીનું સંપાદન) ડૉ. બિડીતા શાહ, પ્ર.આ. 2026, પ્રકા. શબ્દલોક પ્રકાશન, 1760|1, ગાંધીમાર્ગ, બાલા હનુમાન પાસે, અમદાવાદ- 380001, કુલ પૃ. 112, કિં.275, પાકું પૂંઠુ, ડેમિ)**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## આઝાદીના અમૃતકાળની સચ્ચાઈ

કહેવાતા વિશ્વગરુ દિવસમાં 16 કલાક કામ કરે છે,, ને દેશના 40% યુવા ગ્રેજ્યુએટ્સ પાસે નોકરી નથી. મોંઘવારી નુ રામરાજ છે,, મફત અનાજના લાભાર્થીઓ 80 કરોડથી વધારે છે,, રાજ્યમાં ભ્રષ્ટાચારની ફરિયાદો 11,000 થી વધુ છે,, નિવૃત્ત પ્રોફેસરો સાથે અન્યાય જગ જાહેર છે,, આંગણવાડીની મહિલાઓ નું આર્થિક શોષણ અવિરત પણે ચાલુ છે,, સ્થાનિક સત્તા મંડળના ભ્રષ્ટાચારની તો વાત કરવી એટલે દેશદ્રોહના ગુના બરાબર છે,, કોર્ટ કેશોની સંખ્યા પાંચ કરોડથી વધારે,, ખાનગીકરણના નામે ઉદ્યોગપતિઓને લાહણી છે,, જો આ ચર્ચા અસત્ય લાગે તો આ પાનાને ખમણ ખાવા ના ઉપયોગમાં લઈ લેજો,,

**નવસારી - રાજન જોશી**

## રેલ્વેનો જનરલ કોચ, અનુભવો નિઃસંકોચ.!

ઉનાળાનો પ્રવાસ એટલે એક કષ્ટદાયક છતાં ખાટામીઠા અનુભવોનો ભરપુર ખજાનો . એમાં પણ રેલ્વે સ્ટેશનની પરસેવે નીતરતી ભીડમાં તમે તમને સાચવી શકો તો ભયો ભયો ....! રેલ્વે મુસાફરીની એક આગવી વિશેષતા છે.તરેહતરેહની ચીજવસ્તુ વેચતા ફેરિયાઓના અવાજો અને ભીડના ઘોંઘાટની વચ્ચે ચાઈના મોબાઈલના સ્પીકરમાંથી તમને જુના ફિલ્મી ગીતો પણ સાંભળવા મળી જાય. હા,એ માટે તમે સેકંડ ક્લાસના આરક્ષણ વગરના મુસાફર હોવા જોઈએ. રેલવેની દુનિયા જ નીરાળી.સોયથી સંદુક સુધીની ચીજ વસ્તુ વેચતા ફેરિયા, એમને ધમકાવી રૂપિયાનો તોડ કરતાં હવાલદારો , શરૂઆતમાં જગ્યા માટે ઝઘડતાં અને પછી એકમેકને વહેંચીને નાસ્તો કરતાં યાત્રીઓ, માતાજીના નામે તાળી પાડી દાદાગીરીથી દસ રૂપિયા ખૂંચવી જતાં માસીબાઓ , બુટપોલીશ કરવાવાળા, કાનમાંથી મેલ કાઢી આપનારા કાનખોતરિયાઓ, ભરચક ભીડવાળા ડબ્બામાં મુસાફરને સામાનનીજેમ ધક્કેલી ૫૦ રુપિયા રળી લેતો કુલી ... વાહ ! જીવનના અવનવા રુપરંગનો જાણે શંભુમેળો જ જોઈ લ્યો . વળાવીયાઓના ‘આવજો ’,’સંભાળજો ‘ના અવાજો વચ્ચે વચ્ચે ચાર આંખોનું એકાકાર થવું .બધાનું પોતપોતાના સ્ટેશને ઉતરવું,નવા મુસાફરોનું ચડવું .જાણે જીવનનો સાક્ષાત્કાર...!

**કીમ, સુરત - પ્રકાશ પરમાર**

## મોદી, ટ્રમ્પ અને ઈરાનની જુદી અને અલગ, તરહતરહની ભિન્નભિન્ન વિચારધારા છે!

વિચારધારાઓ ઘણી હોય છે અને તેને વિવિધ વર્ગોમાં વહેંચી અને વર્ગીકૃત કરી શકાય! અત્રે કેટલીક મુખ્ય વિચારધારાઓ પેશ છે! 1 લીબરલિઝમ (ઉદારવાદ) ઉદાહરણ : જ્હોન લોક, જીન-જેક્સ રૂસો, અને જ્હોન સ્ટુઅર્ટ મિલ. 2. કંઝર્વેટિઝમ (સંરક્ષણવાદ) ઉદાહરણઃ એડમંડ બર્ક, અને રોબર્ટ પીલ. 3. સોશ્યલિઝમ (સમાજવાદ) ઉદાહરણઃ કાર્લ માર્ક્સ, ફ્રેડરિક એન્જેલ્સ, અને વ્લાદિમીર લેનિન. 4. કોમ્યુનિઝમ (સામ્યવાદ) ઉદાહરણઃ કાર્લ માર્ક્સ, ફ્રેડરિક એન્જેલ્સ, અને માઓ ઝેડોંગ. 5. નેશનલિઝમ (રાષ્ટ્રવાદ)ઉદાહરણઃ જોસેફ મેઝિની, અને ગાંધીજી. 6. એન્કાર્ચિઝમ (અનાર્કીવાદ) ઉદાહરણઃ પિયર-જોસેફ પ્રોધોન, અને એરિકો માલાટેસ્ટા. 7. ફાશીઝમ (ફાશીવાદ) ઉદાહરણઃ બેનિટો મુસોલિની, અને એડોલ્ફ હિટલર. સબબ, સદર ઉક્ત વિચારધારાઓના અનુયાયીઓ ઘણા હોય છે અને તેઓ વિવિધ દેશોમાં અને સંસ્કૃતિઓમાં જોવા મળે છે! અલબત,મોદી, ટ્રમ્પ અને ઈરાનની વિચારધારાઓ ખરેખર જુદી અને અલગ છે. તેમની વિચારધારાઓ તેમના દેશોની રાજકીય, આર્થિક અને સામાજિક પરિસ્થિતિઓથી પ્રભાવિત છે!મોદીની વિચારધારા હિંદુ રાષ્ટ્રવાદ અને આર્થિક વિકાસ પર કેન્દ્રિત છે! જ્યારે, ટ્રમ્પની વિચારધારા અમેરિકા ફર્સ્ટ પોલિસી અને રાષ્ટ્રવાદ પર આધારિત છે અને ઈરાનની વિચારધારા શિયા ઈસ્લામિક રિવોલ્યુશનરી વિચારધારા પર આધારિત છે અને તે અમેરિકા વિરોધીતા અને પેલેસ્ટાઈન સમર્થન પર કેન્દ્રિત છે! મજકુર ત્રણેય નેતાઓની વિચારધારાઓ તેમના દેશોની આંતરિક અને બાહ્ય નીતિઓ પર પ્રભાવ પાડે છે અને વૈશ્વિક રાજકારણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે!ખેર, સદરહુ ત્રણેય નેતાઓની વિચારધારાઓની તુલના અને તેમની કોઈ ચોક્કસ નીતિ વિશે અત્રેથી જાણીએ *મોદીની વિચારધારા* - હિંદુ રાષ્ટ્રવાદ - આર્થિક વિકાસ - સામાજિક સમાવેશ - ટેકનોલોજી અને નવીનતા *ટ્રમ્પની વિચારધારા* - અમેરિકા ફર્સ્ટ પોલિસી - રાષ્ટ્રવાદ- સંરક્ષણવાદ - ઈમિગ્રેશન પ્રતિબંધો *ઈરાનની વિચારધારા* - શિયા ઈસ્લામિક રિવોલ્યુશનરી વિચારધારા - અમેરિકા વિરોધીતા - પેલેસ્ટાઈન સમર્થન - ઈસ્લામિક મૂલ્યો આમ, ઉક્ત તુલના અને નીતિઓ ઊપરથી સ્પષ્ટ રીતે જોઇ શકાય છે કે, મોદી, ટ્રમ્પ અને ઈરાનની વિચારધારાઓ ખરેખર જુદી અને અલગ માટીની રહેલી છે!

**સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન**

## ગુજરાત સરકાર નુ દેવું એટલે લોકોનું દેવું “

કોઈપણ વ્યકિત, સમાજ કે રાજ્ય અને દેશની આર્થિક સ્થિતિ નો આધાર તેમનું કેટલું દેવું છે તેના ઉપર આધાર રાખે છે. કોઈપણ વ્યક્તિ બિનજરૂરી દેવાના ડુંગર નીચે દબાઈ જાય ત્યારે તેમાંથી બહાર નીકળવું ખૂબ જ મુશ્કેલ પડે છે કેટલીક વખત આપઘાત ના કિસ્સાઓ પણ બનતા હોય છે. તારીખ 26-03-2 026ના ગુજરાતમિત્ર દૈનિક અખબાર ના તંત્રી લેખ મા જણાવ્યા મુજબ ગુજરાત સરકાર નુ દેવું એક વર્ષ ના બજેટ જેટલું છે જો સમયસર પગલાં લેવામાં આવશે નહીં તો આર્થિક સ્થિતિ બગડશે. સરકારનું દેવું એટલે લોકોના માંથે દેવું, દેવું ઘટે તે માટે લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ એ જ સૂચન કરવું જોઈએ. ઘણી વખત બજેટમાં જે જોગવાઈ કરવામાં આવે છે તેના નાણાં નો પુરેપુરો ઉપયોગ ન થવાના કિસ્સા પણ બને છે. સરકાર મા રજૂ કરેલ કેગ નો અહેવાલ ધ્યાને લેતા ગુજરાત ને કેન્દ્ર સરકાર તરફથી મળતી ગ્રાન્ટ અને સહાય માં પણ ઘટાડો થયો છે એટલે બજારમાંથી લોન લેવી પડે છે ગુજરાત સરકાર નુ દેવું આ રીતે વધતું જશે તો આર્થિક સ્થિતિ સારી ન રહે તો આખરે તો લોકોએ જ એના ભોગ બનવું પડશે. ચાર કરોડ નુ દેવું ઘટે તે માટે અનેકવિધ પગલાં લેવા પડશે . વધુ પડતાં દેવાના ડુંગર નીચે દબાઈ ન જાય તે માટે સરકાર શ્રી સાથે લોકોએ પણ સજાગ થવું પડશે એવુ નથી લાગતું ?

**સુરત - ચંદ્રકાંત રાણા**

## વિદેશ ની સારી નીતિ સરકાર શ્રી તરફથી અમલમાં લાવવી જોઈએ

પશ્ચિમ નુ આંધનું અનુકરણ કરવાની જરૂર નથી પણ જે સારી બાબતો છે તે સરકાર શ્રી તરફથી અમલમાં લાવવાની જરૂર છે. દેશના યુવાનો ઉચ્ચ શિક્ષણ લઈને વિદેશની કેમ દોટ મુકે છે તે વિશે દરેકે વિચારવાનો સમય છે. વિદેશની દરેક નીતિ સારી કે નરસી હોતી નથી સારી નીતિ આપણા દેશમાં અમલમાં મૂકવી જોઈએ. આપણે જાણીએ છીએ કે આપણો દેશ અલ્પવિકસિત છે તેમ છતાં સરકાર શ્રી તરફથી સિનિયર સિટીઝન અને વૃદ્ધો ને સહાય કરવા અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. વિદેશમાં સરકાર તરફથી યુવાનો માટે શિક્ષણ, વૃદ્ધો માટે બેકારી ભથ્થું આપવામાં આવે છે. કોઈપણ વ્યક્તિ માટે ઘડપણ માટે કોઈ પ્રકારનું આયોજન ન કરેલ હોય તો જીવન પસાર કરવું ખૂબ જ મૂશ્કેલ પડે છે. સરકારી નોકરો માટે પેન્શન યોજના અમલમાં છે જ્યારે અસંગઠિત કામદારોને માટે કોઈ પેન્શન યોજના અમલમાં આવી નથી કેટલાક કિસ્સા મા તો વૃદ્ધ લોકો નોકરી કે વેપાર કરતા હોય છે. માહિતી અનુસાર વિદેશમાં અમુક વય સુધી ના લોકોને નિર્વાહ માટે ભથ્થું આપવામાં આવે છે. એટલે વૃદ્ધ લોકો નો પૈસા પાછળ દોડવાનો મોહ ઓછો હોય છે. પશ્ચિમ દેશોની સારી નીતિ આપણા દેશમાં અમલમાં મુકવામાં આવે તે માટે સરકાર કક્ષાએ થી પહેલ કરવામાં આવે તો વિદેશ જવાની ઈચ્છા ઓછી થાય એમાં બે મત નથી. વિદેશ નીતિ દેશમાં કઈ રીતે અમલમાં લાવી શકાય છે કે કેમ તે બાબતે લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ એ આત્મમંથન કરવાની જરૂર છે તો દેશ જરૂર સોનેકી ચિડિયા બનશે.

**સુરત - ચંદ્રકાંત રાણા**